R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2021-23valid up to 31-12-2023. Licensed to post without pre-payment WPP No. PMG/NG/062/2023 valid upto 31-12-2023 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૫ ● તા. ૧૬ ઓગસ્ટ, ૨૦૨૩ ● અંક નં. ૨૮

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : ધીરજ પારેખ

સહતંત્રી : અરવિંદ આર. પટેલ ● કાર્યવાહક તંત્રી : પુલક ત્રિવેદી ● સંપાદક : ઉર્વિ રાવલ, મનીષા વાઘેલા ● સહસંપાદક : ભેલા મહેતા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ + ૩૦/- છે. માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યુટરાઈઝ પોસ્ટઓફિસમાં (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ લવાજમ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in www.faceboko.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in ઉપરથી ગુજરાત રોજગાર સમાચારનો અંક નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાશે.

## વડોદરા મહાનગરપાલિકામાં વિવિધ જગ્યા પર ભરતી

વડોદરા મહાનગરપાલિકામાં આરોગ્ય શાખા અંતર્ગત શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે સરકારશ્રીના ભરતી નિયમો અનુસાર ૧૦૦% ગ્રાન્ટ આધારિત નીચે જણાવેલ કેડરોની હાલમાં ખાલી તથા ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી ઉભી થનાર જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે પસંદગી/પ્રતિક્ષા યાદી બનાવવાના હેતુસર નિયત લાયકાત ધરાવતાં યોગ્ય ઉમેદવારો પાસેથી માત્ર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **www.vmc.gov.in** વેબસાઈટ પર તા.<u>૦૯-૦૮-૨૩ (૧૩.૦૦ કલાક) થી તા.૨૮-૦૮-૨૩ (૨૩.૫૯ કલાક)</u> સુધીમાં ઓનલાઈન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | બિન અનામત | | અ.જા. | | અ.જ.જા | | સા.શૈ.પ.વ. | | આ.ન.વ. | | કુલ જગ્યા પૈકી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલાં | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | શા.ખો.ખા |
| ૧ | ગાયનેકોલોજીસ્ટ | ૦૫ | ૦૩ | - | - | - | - | - | ૦૨ | - | - | - | - |
| ૨ | પીડીયાટ્રીશીયન | ૦૫ | ૦૨ | - | - | - | ૦૧ | - | ૦૨ | - | - | - | - |
| ૩ | મેડીકલ ઓફીસર (વર્ગ-૦૨) | ૧૦ | ૦૩ | - | ૦૧ | - | ૦૧ | - | ૦૩ | ૦૧ | ૦૧ | - | ૦૨ |
| ૪ | એક્સ-રે ટેકનીશીયન | ૦૨ | ૦૧ | - | - | - | - | - | - | - | ૦૧ | - | - |
| ૫ | લેબ ટેકનિશિયન | ૨૪ | ૦૯ | ૦૪ | ૦૧ | - | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૨ | - | ૦૧ |
| ૬ | ફાર્માસીસ્ટ | ૨૦ | ૦૮ | ૦૩ | ૦૧ | - | ૦૨ | - | ૦૩ | ૦૧ | ૦૨ | - | - |
| ૭ | સ્ટાફ નર્સ | ૩૫ | ૧૧ | ૦૪ | ૦૩ | - | ૦૫ | ૦૧ | ૦૬ | ૦૨ | ૦૩ | - | ૦૧ |

(૧) ફક્ત ઓનલાઈન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ **www.vmc.gov.in** પરથી મેળવવાની રહેશે. (૩) ઉમેદવારે નિયત થયેલ ફી **તા.૨૮-૦૮-૨૦૨૩ સુધીમાં** માત્ર ઓનલાઈન ભરપાઈ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ રદ ગણવામાં આવશે (૪) આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યા ધ્યાને લઈ જે તે જગ્યાને અનુરૂપ એલીમીનેશન ટેસ્ટ/સ્પર્ધાત્મક પરીક્ષા/ઈન્ટરવ્યુ અંગે કમિશનરશ્રી, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે. (૫) ઉકત તમામ જગ્યાઓના મહેકમ ખર્ચની નાણાકીય જોગવાઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા થનાર છે તથા તે અનુસાર રાજ્ય સરકારશ્રીને જરૂર જણાય તો ઉકત મહેકમને રાજય સરકારમાં પ્રતિનિયુક્તિ પર લઈ શકશે. પ્રતિનિયુક્તિ પર આવેલ મહેકમને સરકાર રાજ્યના કોઈપણ સ્થળે ફરજ બજાવવા મૂકી શકશે. એટલેકે સદર તમામ જગ્યાઓ બદલીને પાત્ર છે તથા સરકારશ્રીને જરૂર જણાયે રાજયના કોઈપણ સ્થળે ફરજ બજાવવા મુકી શકાશે/બદલી શકાશે.(૬) ઉપરોક્ત કેડરોની ભવિષ્યમાં ખાલી પડનાર કે ગ્રાન્ટ આધારિત નવી ઉભી થનાર જગ્યાની ભરતી પ્રક્રિયા ઉપલબ્ધ પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી પૈકી રોસ્ટર ક્રમની જાળવણી કરીને કરવામાં આવશે. (૭) ઉકત તમામ જગ્યાઓની મંજુરી રાજ્ય સરકારશ્રી દ્વારા નાંણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. ત્યારબાદ જગ્યાઓની મુદત વખતોવખતની રાજય સરકારશ્રીની મંજુરીને આધિન રહેશે. સદર બાબતે વડોદરા મહાનગરપાલિકાની જવાબદારી નકકી થશે નહી.

**<u>નોંધ:-</u>** ઉપરોક્ત જગ્યાઓ પૈકી અનુક્રમ નં. ૦૪ થી ૦૭ માટે સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨ ૫૭ઝ-૧, તા.૧૬-૦૨-૨૦૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણથી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.

●

भारत सरकार Government of India
अंतरिक्ष विभाग Department of Space

# भारतीय अंतरिक्ष अनुसंधान संगठन Indian Space Research Organisation

## अंतरिक्ष उपयोग केन्द्र Space Applications Centre

अहमदाबाद Ahmedabad-380015

अंतरिक्ष उपयोग केन्द्र (सैक) पात्र अभ्यर्थियों से निम्नलिखित पदों हेतु ऑनलाइन आवेदन आमंत्रित करता है:
**Space Applications Centre (SAC) invites online applications for the following posts from eligible candidates:**

**समूह 'सी' पद GROUP 'C' posts**

| पद कोड Post Code | पद का नाम Name of the Post | रिक्तियों की संख्या एवं आरक्षण ब्यौरा No. of vacancies & reservation details | अनिवार्य योग्यता Essential Qualification |
|---|---|---|---|
| 01 | तकनीशियन 'बी' (फिटर) TECHNICIAN 'B' (Fitter) | कुल/Total-4 (अना/UR-02 अ.पि.व./OBC-01 अ.ज.जा./ST-01)<br>उपर्युक्त पदों में से एक (01) पद ईएसएम के लिए चिन्हित है. Out of the above, one (01) post is identified for ESM | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + फिटर ट्रेड में आईटीआई/एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **FITTER** trade. |
| 02 | तकनीशियन 'बी' (मशीनिस्ट) TECHNICIAN 'B' (Machinist) | कुल/Total-01 (अ.पि.व./OBC-01) | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + मशीनिस्ट ट्रेड में आईटीआई/एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **MACHINIST** trade. |
| 03 | तकनीशियन 'बी' (इलेक्ट्रॉनिक्स) TECHNICIAN 'B' (Electronics) | कुल/Total-15 (अना./UR-05 अ.पि.व./OBC-05 अ.ज.जा./ST-03 आकव/EWS-02)<br>उपर्युक्त पदों में से एक (01) पद मा.दि.व्य. - ए.पै., म.प., कु.उ., बौ, ए.अ.पी. और दो (02) पद ईएसएम के लिए चिन्हित है. Out of the above, one (01) post is identified for PwBD- OL, CP, LC, DW, AAV; & two (02) posts are identified for ESM. | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + इलेक्ट्रॉनिक्स मैकेनिक ट्रेड में आईटीआई/एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **ELECTRONICS MECHANIC** trade. |
| 04 | तकनीशियन 'बी' (सूचना प्रौद्योगिकी) TECHNICIAN 'B' (Information Technology) | कुल/Total-05 (अना./UR-02 अ.पि.व./OBC-02 अ.ज.जा./ST-01)<br>उपर्युक्त पदों में से एक (01) पद मा.दि.व्य., - ब., बह के लिए चिन्हित है. Out of the above, one (01) post is identified for PwBD- D, HH | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + सूचना प्रौद्योगिकी ट्रेड में आईटीआई/एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **INFORMATION TECHNOLOGY** trade. |
| 05 | तकनीशियन 'बी' (आईसीटीएसएम)/आईटीईएसएम) TECHNICIAN 'B' (ICTSM/ ITESM) | कुल/Total-05 (अना./UR-02 अ.पि.व./OBC-01 अ.ज.जा./ST-01 आ.क.व./EWS-01)<br>उपर्युक्त पदों में से एक (01) पद मा.दि.व्य., - ए.एस.डी. (एम) वि.शि.दि., मा.रो. - के लिए चिन्हित है. Out of the above, one (01) post is identified for PwBD-ASD(M), SLD, MI | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + सूचना एवं संचार प्रौद्योगिकी प्रणाली अनुरक्षण/ सूचना प्रौद्योगिकी एवं इलेक्ट्रॉनिक प्रणाली अनुरक्षण ट्रेड में आईटीआई/एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **INFORMATION & COMMUNICATION TECHNOLOGY SYSTEM MAINTENANCE/INFORMATION TECHNOLOGY & ELECTRONIC SYSTEM MAINTENANCE** trade. |
| 06 | तकनीशियन 'बी' (इलेक्ट्रीशियन) TECHNICIAN 'B' (Electrician) | कुल/Total-01 (अ.पि.व./OBC-01) | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + इलेक्ट्रीशियन ट्रेड में आईटीआई/एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **ELECTRICIAN** trade. |
| 07 | ड्राफ्ट्समैन 'बी' (यांत्रिकी) DRAUGHTSMAN 'B' (Mechanical) | कुल/Total-01 (अना./UR-01) | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + ड्राफ्ट्समैन (यांत्रिकी) ट्रेड में आईटीआई/ एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **DRAUGHTSMAN (MECHANICAL)** trade. |
| 08 | तकनीशियन 'बी' (रासायनिक) TECHNICIAN 'B' (Chemical) | कुल/Total-01 (अना./UR-01) | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + लैबोरेटरी सहायक (रासायनिक संयंत्र) ट्रेड में आईटीआई/एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **LABORATORY ASSISTANT (CHEMICAL PLANT)** trade. |
| 09 | तकनीशियन 'बी' (टर्नर) TECHNICIAN 'B' (Turner) | कुल/Total-01 (अना./UR-01) | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + टर्नर ट्रेड में आईटीआई/एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **TURNER** trade. |
| 10 | तकनीशियन 'बी' (प्रशीतन एवं वातानुकूलन) TECHNICIAN 'B' (Refrigeration and Air Conditioning) | कुल/Total-01 (अना./UR-01) | मैट्रिक (एसएससी/एसएसएलसी/दसवीं पास) + मैकेनिक प्रशीतन एवं वातानुकूलन ट्रेड में आईटीआई/ एनटीसी/एनएसी. Matric (SSC / SSLC / 10th Std. Pass) + ITI/NTC/NAC in **MECHANIC REFRIGERATION AND AIR CONDITIONING** trade. |

**नोट/Note :**

पद कोड सं. 03, 04 और 05 के लिए मानक दिव्यांगता वाले व्यक्ति (मा.दि.व्य.) अभ्यर्थियों के संबंध में कार्यात्मक आवश्यकताएं एस, एसटी, बीएन, आरडब्ल्यू, एसई, एच है.
Functional Requirements in respect of PwBD candidates for post code No. 03, 04 & 05 is S, ST, BN, RW, SE, H.

**प्रयुक्त संक्षिप्तियां/ Abbreviations used:**

आकव-आर्थिक रूप से कमजोर वर्ग; अपिव-अन्य पिछड़ा वर्ग; अजा-अनुसूचित जाति; अजजा-अनुसूचित जनजाति; अना-अनारक्षित; मा.दि.व्य.-मानक दिव्यांगता वाले व्यक्ति; ईएसएम-भूतपूर्व सैनिक; एनटीसी-राष्ट्रीय व्यवसाय प्रमाण पत्र; एनएसी-राष्ट्रीय प्रशिक्षु प्रमाण-पत्र

**EWS - Economically Weaker Sections; OBC - Other Backward Classes; SC - Scheduled Caste; ST - Scheduled Tribe; UR - Unreserved; PwBD - Persons with Benchmark Disabilities; ESM - Ex-Servicemen; NTC - National Trade Certificate; NAC - National Apprenticeship Certificate.**

➔

➔

मा.दि.व्य. (पाडब्ल्यूबाडा)-मानक दिव्यागता वाले व्यक्ति, बह-बहरापन, अ.दृ.-अल्प दृष्टि, ब.-बधिर, ए.हा.-एक हाथ, ए.प.-एक पर, ए.हा.ए.प.-एक हाथ और एक पर, म.प.-मस्तिष्क पक्षाघात, कु.उ.-कुष्ठ रोग उपचारित, बा.-बौनापन, ए.अ.पी.-एसिड अटैक पीड़ित, ए.एस.डी. (एम)-ऑटिज्म स्पेक्ट्रम विकार (एम=माइल्ड), वि.शि.दि.-विशिष्ट शिक्षा दिव्यांगता, मा.रो.-मानसिक रोग, एस-बैठकर, एसटी-खड़े होकर, बीएन-झुककर, आरडब्ल्यू-पठन एवं लेखन, एसई-देखकर, एच-सुनकर.

PwBD- Persons with Benchmark Disabilities, HH- Hard of Hearing, LV- Low Vision, D-Deaf, OA-One Arm, OL-One Leg, OAL-One Arm and One Leg, CP-Cerebral Palsy, LC-Leprosy Cured, Dw-Dwarfism, AAV-Acid Attack Victims, ASD (M)-Autism Spectrum Disorder (M=Mild), SLD-Specific Learning Disability, MI-Mental Illness, S-Sitting, ST-Standing, BN-Bending, RW-Reading & Writing, SE-Seeing, H-Hearing,

## आय और भत्ते एवं आयु मानदंड
## PAY & ALLOWANCES AND AGE CRITERIA

| | | |
|---|---|---|
| पद कोड Post Code 01 to 10 | स्तर Level 03 (Rs. 21,700-Rs. 69,100) | दिनांक 21.08.2023 को आयु सीमा : 18-35 वर्ष<br>Age limit as on 21.08.2023:18-35 Years |

आरक्षित पदों के सामने दी गई इन श्रेणियों के लिए ऊपरी आयु सीमा में अ.जा./अ.ज.जा. के अभ्यर्थियों के लिए 05 वर्ष तथा अ.पि.व. के अभ्यर्थियों के लिए 03 वर्ष तक छूट दी जाएगी. भूतपूर्व सैनिक, मानक दिव्यांगता वाले व्यक्ति, केंद्रीय सरकारी सेवक, सराहनीय खिलाड़ी आदि भारत सरकार के आदेशानुसार ऊपरी आयु सीमा में छूट के पात्र होंगे.

Relaxation is applicable in upper age limit by 05 years for SC/ST candidates and 03 years for OBC candidates against the posts reserved for these categories. Ex-Servicemen (ESM), Persons with Benchmark Disabilities (PwBD), Central Govt. Servants, Meritorious Sportspersons etc. are eligible for upper age relaxation as per Government of India orders.

**आवेदन मात्र ऑनलाइन प्राप्त किए जाएंगे. आवेदन पंजीयन हेतु ऑनलाइन भर्ती पोर्टल 01.08.2023 के 1000 बजे से 21.08.2023 के 1730 बजे तक खुला रहेगा. इच्छुक अभ्यर्थी विस्तृत विज्ञापन व ऑनलाइन फार्म भरने के लिए हमारी वेबसाइट https://www.sac.gov.in अथवा https://careers.sac.gov.in देख सकते हैं.**

**Applications will be received online only. The online recruitment portal will be available from 1000 hours on 01.08.2023 to 1730 hours on 21.08.2023 for registration of application. Interested candidates may visit our web-site https://www.sac.gov.in OR https://careers.sac.gov.in for detailed advertisement and filling-up of online application form.**

कोई भी परिशिष्ट/अद्यतन/शुद्धिपत्र केवल सैक वेबसाइट पर प्रकाशित किया जाएगा. अभ्यर्थी नवीनतम अद्यतन सूचना हेतु सैक वेबसाइट **www.sac.gov.in** नियमित रूप से देखते रहें.

Any Addendum/Update/Corrigendum will only be published on SAC website. Candidates should regularly visit the SAC website **www.sac.gov.in** for latest updates.

**सरकार ऐसा कार्यबल तैयार करने का प्रयास कर रही है जिसमें लैंगिक संतुलन हो, अतः महिला उम्मीदवारों को आवेदन करने के लिए प्रोत्साहित किया जाता है.**

**Government strives to have a workforce which reflects gender balance and women candidates are encouraged to apply.**

●

# SANJAY GANDHI POST GRADUATE INSTITUTE OF MEDICAL SCIENCES

Raibareli Road, Lucknow- 226 014
FAX- 91-522-2668017, 2668129 E-mail- registrar@sgpgi.ac.in Phone- 91 (522) 2494009/2494820

## SPECIAL RECRUITMENT DRIVE FOR RECRUITMENT AGAINST BACKLOG VACANCIES

Institute invites applications on prescribed format for the post of faculty positions in the Departments as mentioned below under Special Recruitment Drive for Backlog vacancies against reserved category from domiciles of Uttar Pradesh:

| | |
|---|---|
| Last Date for receipt of hard copy of application | 5th September 2023 |
| Cut-off Date for determining the Qualification & Experience and upper age limit | 5th September 2023 |
| **Web link to see the detailed advertisement** | www.sgpgims.org.in |

| S. No. | Department/ Specialty | Assistant Prof Level-12 Pay Matrix Rs. 101500/- to Rs. 167400/- | | Associate Professor Level-13A-1 Pay Matrix Rs. 138300/- to Rs. 209200/- | | Additional Professor Level-13A-2 Pay Matrix Rs. 148200/- to Rs. 211400/- | | Professor Level-14 A Pay Matrix Rs. 168900/- to Rs. 220400/- | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | SC | OBC | SC | OBC | SC | OBC | SC | OBC |
| 1 | Ophthalmology | 01 | - | - | - | - | - | - | - |
| 2 | Endocrine Surgery | 01 | 02 | - | - | - | - | - | - |
| 3 | Endocrinology | - | 01 | - | - | - | - | - | 01 |
| 4 | Anesthesiology | 01 | - | - | - | - | - | - | - |
| 5 | Clinical Immunology & Rheumatology | 01 | 01 | - | - | - | - | - | - |
| 6 | Cardiology | 01# | - | - | - | - | - | - | - |
| 7 | Cardiovasular and Thoracic Surgery | 01## | - | - | - | - | - | - | - |
| 8 | Critical Care Medicine | - | 01 | - | - | - | - | - | - |
| 9 | Transfusion Medicine | 01 | - | - | - | - | - | - | - |
| 11 | Neurology | 01 | - | - | - | - | - | - | - |
| 12 | Plastic Surgery & Burns | - | 01 | - | - | - | - | - | - |
| 13 | Microbiology | 01 | - | - | - | - | - | - | - |
| 14 | Medical Oncology | - | 01 ### | - | - | - | - | 01 | - |
| 15 | Medical Gastroenterology | 02 | - | - | - | - | - | - | - |
| 16 | Radiotherapy (Medical Physicist) | - | 01 | - | - | - | - | - | - |
| 17 | Surgical Gastroenterlogy | 01 | - | - | - | - | - | 01 | - |
| 18 | Hematology (Clinical) | 01 | 01 | - | - | - | - | - | - |
| | Hematology (Lab) | - | - | - | 01 | - | - | - | - |
| 19 | Hepatology | 01 | 01 | 01 | - | - | - | - | - |
| | **Total** | **14** | **10** | **01** | **01** | - | - | 02 | 01 |

#Joining will be permitted only after 16th Feb, 2024.
##Joining will be permitted only after 15th Dec, 2023.
### The post of Assistant Professor in Medical Oncology is for Pediatric Medical Oncologist
Only domicile of Uttar Pradesh can apply for the above positions.
In case of women candidate, caste certificate will be from father's side only.

●

# केंद्रीय कुक्कुट विकास संगठन (पूर्वा.)
# Central Poultry Development Organisation (Eastern Region)

**भुवनेश्वर / Bhubaneswar (Odisha)-751 012.**
**Tel: (0674)2420175 (O), Fax: (0674)2420635**
**E-mail: cpdo_er@rediffmail.com/ cpdoer1@gmail.com**
**Website : http://cpdonrchd.gov.in**

**Sub: Filling up of the post of an Upper Division Clerk (UDC) on deputation basis in the Office of the Joint Commissioner, Central Poultry Development Organization (ER), Talagada, Naraj, Dist.- Cuttack(Odisha) - reg.**

2. Applications are invited from suitable candidates working in Central Govt. Offices for appointment to the Post of **Upper Division Clerk (UDC)** on deputation basis in the Office of the Joint Commissioner, Central Poultry Development Organization (ER), Talagada, Naraj, Dist.-Cuttack ( Odisha )

3. Qualification/Experiences and Service Conditions required for appointment to the post are given below.

**General Central Service- Gr. C (Non-Gazetted) Ministerial**

| | | |
|---|---|---|
| 1. | **Name of the post** | Upper Division Clerk (UDC) |
| 2. | **Details of the Vacancy** | One at CPDO,(ER), Talagada, Naraj, Dist.-Cuttack (Odisha) |
| 3. | **Scale of Pay** | Pay matrix, Pay Level-4 (Rs. 25500-81100)<br>Pre-revised: PB-1, 5200-20200+GP Rs. 2400/- |
| 4. | **Mode of recruitment** | By Deputation |
| 5. | **Eligibility** | From amongst officials working in the Central Govt. holding:-<br>**(a)** Analogous post on regular basis or<br>**(b)** Lower Division Clerk or equivalent with 5 years of regular service in the grade. |
| 6. | **Age restriction** | The maximum age of the applicant should not exceed 56 years on the closing date of the receipt of the application. |

4. The selected candidate will be appointed on deputation basis and the period of deputation including the period of deputation in another ex-cadre post held immediately preceding this appointment in the same or some other organization / department of the Central Govt. which shall ordinarily not exceed 3 years (Three).

5. The general terms of deputation shall be regulated in accordance with the Department of Personnel and Training O.M.No.6/8/2009-Estt. (Pay II) dt-17-06-2010 as amended from time to time.

6. Applications in the prescribed format, at Annexure -I, of the willing and eligible candidates who could be spared immediately may be forwarded by the Parent Department/Cadre Controlling Authority of the applicant along with the certification given in Annexure-II. The duly filled in application along with copy of the vigilance clearance and details of major/minor penalty (Annexure-III) and attested photocopies of APARs for the last five years should be sent through the proper channel to the **Office of the Joint Commissioner, Central Poultry Development Organization (ER), Talagada, Naraj, Dist-Cuttack (Odisha) on or before 25th August 2023.** Incomplete application shall be rejected without any further correspondence.

7. The applicant should clearly indicate the service particulars, experience, educational qualifications etc in the prescribed format at Annexure-I.

8. Only applications submitted through the proper channel will be considered. While forwarding the application, the Cadre Controlling Authority/Parent Department of the applicant shall issue the necessary Vigilance Clearance and a certificate that no disciplinary case is pending or being contemplated against him/her along with details of Major/Minor penalty imposed during the last 10 years, if any (Annexure-III).

●

# સ્વાતંત્ર્ય ચળવળની પ્રથમ ચિનગારી 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે ગુજરાત...

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'Nation First, Always First'ની થીમ પર ભારતના ૭૭મા સ્વાતંત્ર્ય દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી. સ્વાતંત્ર્ય પર્વના પાવન પ્રસંગ પર સૌ અમર શહીદોને સ્મરણાંજલિ આપવામાં આવે છે પણ કચડાયેલી અને ગુલામ પ્રજામાં સ્વાતંત્રતા માટેની આગ પ્રગટાવનાર 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામની ચિનગારી ચેતાવનાર એ મહાનાયકોને થોડાક અપવાદો સિવાય ઈતિહાસમાં સમુચિત સ્થાન મળ્યું નથી.

૨૦૦ વર્ષ જેટલી ગુલામીના બંધન, શોષણ અને દમનમાંથી આઝાદી મેળવવા થયેલી સશસ્ત્ર ક્રાંતિથી લઈ સત્યાગ્રહ સુધીની સ્વાતંત્ર્ય સંગ્રામની સંઘર્ષકથા ઈતિહાસની તવારીખોમાં સ્વર્ણ અક્ષરે આલેખિત છે. પરંતુ ઈતિહાસ માત્ર વિજેતાઓને યાદ રાખે છે. પ્રજામાં ફેલાયેલી મુક્તિની ભાવના અને વિદેશી સત્તા સામેના આક્રોશના પરિણામે થયેલા 1857ના એ સ્વાતંત્ર્ય સંગ્રામને લશ્કરી બળવામાં કે દેશી રજવાડાઓ સામેના વિદ્રોહમાં ખપાવી નાંખવામાં આવ્યો છે.

પરાધિનતાની બેડીઓમાંથી મુક્ત કરાવનાર એ તમામ મહાપુરૂષોને દરેક ભારતવાસી આદરસહ વંદન કરે છે. પરંતુ ગુલામીમાંથી મુક્તિની આ લાંબી મજલમાં લડત આપનાર અનેક જનનાયકો આજે જાણે કે વિસરાઈ ગયા છે. ઈતિહાસની મુખ્યધારામાં સ્થાન ન પામેલા આ સેનાનીઓનું યોગદાન પણ એટલું જ મહત્વપૂર્ણ છે, જેને આ પ્રસંગે યાદ કરવું આવશ્યક છે. **મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ** જેવા સત્યાગ્રહીઓ અને **વીર ભગતસિંહ તથા ચંદ્રશેખર આઝાદ** જેવા ક્રાંતિવીરોના આઝાદી મેળવવા માટેના નિશ્ચય, હિંમત અને બલિદાનની અમરગાથાઓથી આપણે સૌ વાકેફ છીએ. અસહકાર આંદોલન અને હિંદ છોડોના આંદોલન અભ્યાસક્રમમાં પણ સામેલ છે.

પણ આજે વાત કરવી છે આઝાદ ભારતની લડાઈ માટે ચિનગારી બનેલા ઈ.સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે ગુજરાતમાં બનેલી અમુક મહત્વપૂર્ણ ઘટનાઓ અને વિસરાયેલા કેટલાક નામી-અનામી ગુજરાતી સ્વાતંત્ર્યવીરોની જેમણે બ્રિટીશ રાજને પડકારી મુક્તિની ભાવનાને વધુ પ્રબળ કરી હતી. આ સમયગાળામાં ગુજરાતમાં 150થી વધુ સ્થાનોએ સંઘર્ષ, 10 હજાર લોકોને ફાંસી, ગોળી કે આંદમાનના કાળાપાણીની સજા અને અંગ્રેજો દ્વારા નિઃશસ્ત્રીકરણની નીતિ અને વિવિધ કારણોસર 100થી વધુ ગામ બાળી મૂકવા સહિતના જૂલમોની દાસ્તાન તરફ ભાગ્યે જ કોઈનું ધ્યાન જાય છે.

૨૯ માર્ચ, ૧૮૫૭માં એન્ફિલ્ડ રાયફલની કારતૂસમાં ગાય અને સુવરની ચરબી લગાવેલી હોવાથી તેના ઉપયોગનો વિરોધ કરનાર **મંગલ પાંડે**ને આપવામાં આવેલી ફાંસીની સાથે પ્રગટેલી સ્વાતંત્ર્ય સંગ્રામની ચિનગારી ધીરે ધીરે આગ બની તેની જ્વાળા ગુજરાત પહોંચી. આણંદથી બાર માઈલના અંતરે આવેલા ખાનપુરના **જીવાભાઈ ઠાકોરે** આણંદના મુખી **ગરબડદાસ**ના સહકારથી કોળી, ભીલ, નાયક અને ઠાકોર સમાજના 2,000 લોકોની ફોજ તૈયાર કરી બ્રિટીશ સત્તા સામે લડવા. એ ખોબા જેવડા ગામ પર અંગ્રેજ સૈન્ય ઉતરી આવ્યું, લાશો પડી અને જીવાભાઈને ગામમાં જ ફાંસીએ ચડાવવામાં આવ્યા.

ફરી બળવો થવાની બીકે આણંદની લોટીયા ભાગોળે અંગ્રેજોએ નાંખેલી છાવણી પર અડધી રાતે ત્રાટકી ગરબડદાસ મુખીના નેતૃત્વમાં **મૂળજી જોશી, બાપુજી પટેલ અને કૃષ્ણરામ દવે**એ હથિયારો લૂંટ્યા અને ફોજના ઘોડાઓના પૂંછડા કાપ્યા. પોતાના ગામ અણોજ ખાતે લગ્ન થયા એ જ દિવસે ગરબડદાસ પકડાયા અને કંપની હકૂમત સામે બળવો કરવાના આરોપમાં કાળાપાણીની આજીવન સજા થઈ. જેલમાં સખત મજૂરી અને ખરાબ સ્વાસ્થ્યના કારણે 1860માં આંખો મીંચી. આંદમાન ખાતે કાળાપાણીની સજા પામી શહીદ થનાર પ્રથમ ગુજરાતી ગરબડદાસ મુખી હતા.

આ જ અરસામાં અમદાવાદના શાહીબાગ ખાતે વડોદરાના મહારાજા ગાયકવાડ ખંડેરાવના સાવકાભાઈ **ગોવિંદરાવ ગાયકવાડ (બાપુ ગાયકવાડ), ભાઉસાહેબ પવાર**, વડોદરાના વેપારી **નિહાલચંદ ઝવેરી** તથા પાટણના **વાણિયા મગનલાલે** એકઠા થઈ સ્વાતંત્ર્ય સંગ્રામનું આયોજન કર્યું. તેમણે મહી નદીનાં કોતરોમાં આશરે 5,000નું લશ્કર એકત્રિત કર્યું. મહારાજા ખંડેરાવ અંગ્રેજ તરફી હોવાથી પ્રથમ તેમને પદભ્રષ્ટ કરીને, વડોદરા તાબે કરીને, બાદમાં અમદાવાદનો કબજો લેવાનું તેમનું આયોજન હતું. પરંતુ એક જાસૂસ મારફત ગાયકવાડ ખંડેરાવ તથા બ્રિટિશ રેસિડેન્ટ શેક્સપિયરને આની માહિતી મળતાં તેઓએ લશ્કર મોકલીને બળવાખોરો પર ઓચિંતો હુમલો કર્યો. કેટલાક પકડાયા-કેટલાકે જીવ ગુમાવ્યા.

આ સંઘર્ષમાં મગનલાલ ઉત્તર ગુજરાતના પોતાના સાથીઓ સાથે વડોદરાથી ભાગીને તારંગાના જંગલોમાં ચાલ્યા ગયા. ત્યાં તેણે નવો મોરચો ખોલ્યો, કોળીઓને સીપોર અને અરણા ગામ પાસે એકઠા કર્યા. આ ઉપરાંત છાબલિયા, કબીરપુર અને દમલામાંથી પણ આ નવી સેનામાં ભરતી કરવામાં આવી. માણસા તાલુકાના લોદ્રા પર આક્રમણ કરવામાં આવ્યું. અહીં થયેલા સંઘર્ષમાં એકે જાન ગુમાવ્યો અને છ ઘાયલ થયા. બીજા દિવસે અંગ્રેજ સેનાએ બમણા જોરથી આક્રમણ કર્યું. તેની સામે મગનલાલ વાણિયાની સેના ટકી શકી નહીં, તેથી તેણે પીછેહઠ કરવી પડી. લોદ્રાના સંઘર્ષમાં ઘણા મર્યા, બાપુ ગાયકવાડ ઝડપાયા અને ફાંસીએ ચડાવવામાં આવ્યા. મગનલાલ ફરી અંગ્રેજોના હાથમાંથી છટકી ગયા. મગનલાલ પોતાની સેના ગોઝારીયા નજીક સમૌ તરફ દોરી ગયા. જ્યાં અમદાવાદના એસ.પી. અગરના હાથે પકડાઈ ગયા બાદ તેમના અગીયાર સાથીઓને ફાંસી આપી મગનલાલને તોપના મોઢે બાંધી ઉડાવી દેવામાં આવ્યા.

સૌરાષ્ટ્રમાં દ્વારકા તથા ઓખા પ્રદેશના વાઘેરો શરૂઆતથી અંગ્રેજ સત્તાની વિરુદ્ધ હતા.1820થી અંગ્રેજોને હંફાવનારા દ્વારકાના ઓખામંડળના વાઘેરોમાં 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામના વંટોળે નવું જોમ પૂર્યું. બીજા જ વર્ષે **જોધા માણેક**ની આગેવાનીમાં વાઘેરોએ બેટ દ્વારકા પર હૂમલો કર્યો, અંગ્રેજ બટાલિયનને પરાસ્ત કરી ભાગવા મજબૂર કર્યા. 1859માં **મૂળૂ માણેકે** દ્વારકા પર જીત મેળવી અને સાત મહિના પછી બેટ દ્વારકા કબજે કર્યું. બેટ દ્વારકાના કિલ્લા પર અંગ્રેજોના નૌકાદળ અને પાયદળના બેવડા હુમલા સામે વાઘેરોએ ઝીંક ઝીલી. તે સમયે મોતની પરવા કર્યા વગર વાઘેર સ્ત્રીઓએ પલાળેલા ગોદડાથી અંગ્રેજ તોપગોળાઓને પલાળી નકામા કર્યાની વિરલ ઘટના જવલ્લે જ કોઈને ખબર હશે.

ઉત્તર ગુજરાતમાં વિજાપુર, ચંડપ, મુંડેઠી, ખેરાલુ, વડનગર વગેરે સ્વાતંત્ર્ય સંગ્રામનાં મુખ્ય કેન્દ્રો હતાં. ઈડર પાસેના ચંડપ ગામના મુખીઓ **નાથાજી અને ચમાજી**ની સરદારી નીચે ચંડપના કોળીઓએ કંપનીના લશ્કરને ભારે લડાઈ આપતાં આખા ગામનો નાશ કરવામાં આવ્યો. વિજાપુર અને વડનગરના 5,000 જેટલા કોળીઓએ કંપનીના લશ્કરને છ માસ સુધી લડાઈ આપી. મહારાજાના સામંત મુંડેઠીના **ઠાકોર સૂરજમલે** ઈડર રાજ્ય તથા કંપની સરકારને એક વર્ષ સુધી લડાઈ આપીને છેવટે મુંડેઠી પાછું મેળવ્યું.

કંપની સરકારે 1858માં ગુજરાતમાં નિ:શસ્ત્રીકરણનો ધારો અમલમાં મૂકીને ઘણાખરા લોકો અને પ્રદેશોનાં હથિયાર જપ્ત કર્યાં. હથિયારો સોંપવાનો ઈન્કાર કરનાર ઉત્તર ગુજરાતના કનારિયા, દુબારા, અનોડિયા તથા આગલોડ ગામો અને ખેડા-પંચમહાલ જિલ્લાનાં પાલ તથા ખાનપુર ગામોનો નાશ કરવામાં આવ્યો.

આ તો માત્ર ગણતરીની જ ઘટનાઓ છે, ગુજરાતના અનેક વીરોએ આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લઈ શહીદી વહોરી હતી. ભારતના અન્ય ભાગોની માફક ગુજરાતમાં પણ સ્વાતંત્ર્ય સંગ્રામ છૂટો-છવાયો, મોડો થયો. તેમાં પણ સંગઠન તથા એકતાના અભાવે તેને નિષ્ફળ તો કર્યો,પણ ગુજરાતી સ્વાતંત્ર્યવીરોએ વિદેશી સત્તા સામે લડવામાં ત્યાગ અને બલિદાનનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું. અને છેલ્લે, ગજ ગજ છાતી ફૂલાવતા 'વંદે માતરમ્' રાષ્ટ્રગાનના રચયિતા બંકિમચંદ્ર ચટોપાધ્યાયની નવલકથા **'આનંદમઠ'**ની પ્રસ્તાવનામાં તેમનું લખેલું આ વાક્ય જ ઈ.સ.1857ના સ્વાતંત્ર્ય સંગ્રામ સમયની સ્થિતિને રજૂ કરવા માટે પૂરતું છે.

"This is the sweet and sad story of an unfortunate country where to love freedom is commit to Martyrdom" ("આ હતભાગી દેશની મધુર અને કરૂણ કહાણી છે, જ્યાં સ્વાધિનતાને ચાહવાનો એક જ અર્થ થાય છે - શહીદી")

**- કૌશિક ગજ્જર**

# GPSC કે UPSC કે પછી બંને ? : મૂંઝવણની સ્પષ્ટતા

પ્રિય પરીક્ષા

- વિનોદ અડવાણી

મિત્રો,

**જગ્યાઓ :** આઈએએસ તથા Civil Sevicesની અન્ય પોસ્ટની વાત કરીએ તો વર્ષ **1951**માં કુલ મંજુર થયેલ જગ્યાઓ **1232** હતી જે **2021**માં વધીને **6746** થઈ છે તેની સામે આ પરીક્ષામાં બેસવા માટે અરજી કરનાર ઉમેદવારોની સંખ્યામાં ઘણો વધારો થયો છે. સ્પર્ધા વધાવાથી પરીક્ષા વધુને વધુ અઘરી લાગતી જાય છે. વર્ષ 2013માં 1228, 2014માં 1364, 2015માં 1164, 2016 માં 1079, 2017માં 980, 2018માં 782, 2019માં 896, 2020માં 796, 2021માં 861 અને 2022માં 1011 જગ્યાઓ માટે પરીક્ષા યોજાઈ. છેલ્લા દસ વરસમાં સિવિલ સર્વિસીસની પરીક્ષા માટે અરજી કરનારની સંખ્યામાં 8 લાખ જેટલો વધારો થયો છે જ્યારે સેવા/જગ્યાઓની સંખ્યામાં માંડ 200 થી 250 જેટલો વધારો થયો છે. વર્ષ 2011 થી Civil Services Aptitude Test (CSAT) જેવી પ્રમાણમાં અઘરી પદ્ધતિ દાખલ કરીને વર્ષ 2015 થી તેને qualifying exam કરવામાં આવી છે તેમાં કેટલાક ઉમેદવારોને ગણિત અને અંગ્રેજીનો ઓછો મહાવરો હોઈ CSAT પાસ કરવી મુશ્કેલ બને છે અને તેમનો આત્મવિશ્વાસ ઘટાડી દે છે.

**ફોર્મ ભરવામાં શુરા ઉમેદવારો :** અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની જેમ અહીંયા પણ આઈ.એ.એસ. ની પ્રિલીમ પરીક્ષા માટે અરજી કરનાર તમામ ઉમેદવારો ખરેખર પરીક્ષાના દિવસે પરીક્ષામાં હાજર રહેતા નથી. જેમ કે 2018માં 10,65,552 અરજીઓ પૈકી માત્ર 5,00,484 (આશરે 47%) ઉમેદવારો જ પરીક્ષામાં હાજર રહ્યા હતા. એ જ રીતે વર્ષ 2019 માં 11,35,261 અરજીઓ પૈકી માત્ર 5,68,282 (આશરે 50%) ઉમેદવારો જ પરીક્ષામાં હાજર રહ્યા હતા. પછીના વર્ષોમાં પણ આ સરેરાશ 50 થી 52% થી વધી નહી. પરંતુ 2023ની પ્રિલીમ પરીક્ષા માટે 13 લાખ જેટલા ફોર્મ ભરાયા અને 11 લાખ જેટલા ઉમેદવારોએ પ્રિલીમ પરીક્ષા આપી.!!!

**મહિલા ઉમેદવારો :**જો કે આનંદ અને સંતોષની વાત એ છે કે હવે આઈ.એ.એસ.ની પરીક્ષા માટે અરજી કરનાર મહિલા ઉમેદવારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. વર્ષ 2001માં IASની પરીક્ષા માટે અરજી કરનાર મહિલા ઉમેદવારોની સંખ્યા **47,392** હતી જે વધીને 2019 માં **3,67,085** થયેલ છે. આમ છેલ્લા, 19 વર્ષમાં મહિલા ઉમેદવારોએ આઇ.એ.એસ.ની પરીક્ષા માટે અરજી કરી હોય તેવી સંખ્યા 8 ગણી વધવા પામી હોવાનું જણાય છે.

**સ્નાતક કક્ષાએ રેન્ક કે ગ્રેડ:** વધુમાં એવું જરાય માનવાની જરૂર નથી કે માત્ર પહેલા નંબરે પાસ થતા વિદ્યાર્થીઓ કે ગોલ્ડ મેડલિસ્ટ વિદ્યાર્થીઓ જ આઈ.એ.એસ. અધિકારી થઈ શકે છે. અથવા તો વિજ્ઞાન શાખાના ઉમેદવારો જ આઈ.એ.એસ. અધિકારી થઈ શકે છે. આ પરીક્ષાની જે પેટર્ન છે તેમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ એમ ત્રણેય શાખાના વિદ્યાર્થીઓને સમાન તક મળે છે. આમ પણ Strategyના ભાગરૂપે કેટલાક નિષ્ણાતો IASની મુખ્ય પરીક્ષામાં ઇતિહાસ, ભૂગોળ જેવો વૈક્લિપિક વિષય પસંદ કરવાનું કહે છે જે પાછો prelims અને mainsના General Studiesમાં પણ ઉપયોગી થતો હોય. જો કે UPSC ઉમેદવારને દર વખતે કંઈક ને કંઈક સરપ્રાઈઝ આપે છે જે કેટલાક ઉમેદવારો માટે શોકીંગ સાબિત થાય છે. આપણે પરીક્ષા પદ્ધતિને અનુરૂપ તૈયારી કરવી રહી. UPSC વારંવાર એટલા માટે પ્રશ્નોની પેટર્ન બદલે છે જેથી કેટલાક લોકો દ્વારા વિકસિત elimination techniques, cheat codes કે તુક્કાના ઉપયોગ વડે કોઈ અયોગ્ય ઉમેદવાર પાસ ન થઇ જાય.

**વૈકલ્પિક વિષયો :** IAS mains માંવર્ષ 2010માં ચાર સૌથી વધુ વૈકલ્પિક વિષયો કે જેમાં સૌથી વધુ ઉમેદવારો સફળ થયા હતા તે પબ્લિક એડમિનિસ્ટ્રેશન જ્યોગ્રાફી સોશિયોલોજી અને હિસ્ટ્રી હતા 2020માં આ પરિસ્થિતિ બદલાઈ જવા પામી છે અને સૌથી વધુ ઉમેદવારો પાસ થયા હોય તેવા ચાર વિષયો જીયોગ્રોફી, સોશિયોલોજી, પોલિટિકલ સાયન્સ અને એન્થ્રોપોલોજી થવા પામેલ છે.

| વર્ષ/ ટકા | Public Admin | Geography | Sociology | History | Political Science | Anthropology |
|---|---|---|---|---|---|---|
| 2020 | - | 11 | 14 | - | 18 | 12 |
| 2010 | 24 | 18 | 10 | 9 | - | - |

* આંકડા ટકાવારી માં છે.

**GPSC કે UPSC : મૂંઝવણની સ્પષ્ટતા**

| | |
|---|---|
| UPSC આપતા પહેલા GPSC આપવી ફરજીયાત છે? | ના. બંને પરીક્ષાઓ સ્વતંત્ર છે. GPSC મુખ્યત્વે રાજ્ય સરકારના વર્ગ-૧ અને ૨ ના હોદ્દાઓ માટે જયારે UPSC કેન્દ્ર સરકારના પદો માટે યોજાય છે. |
| GPSC આપ્યા પછી / પાસ થયા પછી UPSC અપાય? | હા. UPSCની પરીક્ષાના પદો / હોદ્દા વધુ ઊંચા હોય છે. |
| GPSC અને UPSCની પરીક્ષા એક સાથે અપાય? | હા. ૯૦% પરીક્ષા પદ્ધતિ અને સિલેબસ સમાન છે. |
| UPSC પાસ કર્યા પછી GPSC અપાય? | જરૂર જણાતી નથી |

**ઉમેદવારોનો અન્ય એક પ્રશ્ન :**

એક જ વખતની તૈયારીથી અનેક પરિક્ષાઓ આપી શકાય?

જવાબ છે હા અનેહા, કેમ કે પરીક્ષા ભલે GPSC, UPSC, Staff Selection, ગૌણ સેવાની હોય, લગભગ દરેક પરીક્ષાની પેટર્ન સરખી હોય છે. ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, સંસ્થાઓ, વગેરેને વિગતો બદલાતી નથી. GKમાં માત્ર તાજેતરની ઘટનાઓ નવેસરથી વાંચવાની રહે. Quantitative Apptitude અને Reasoningના સુત્રો અને સિદ્ધાંતો એના એ જ રહે છે. એટલે એક integrated approach રાખીને જ્ઞાનલક્ષી તૈયારી કરવી.

**ગણત્રીનો ગૂગલી:**

**Q. એક પોલીસવાળાએ 1200 મીટર દૂરથી ચોરને જોયો અને પીછો કર્યો. 52 મિનીટમાં ચોર 6.4 કિમી દોડે છે. પોલીસ પણ એટલું જ અંતર દોડે છે. પકડાઈ ગયા પહેલા ચોર કેટલું દોડ્યો હશે? (A) 2 km (B) 2.5 km (C) 3 km (D) 4 km**

**ઉકેલ:** અહી બંને માટે અંતર સરખુ છે. સમયનો ગુણોત્તર: (ચોર)52:40(પોલીસ) =13:10 તો ઝડપ નો ગુણોત્તર રીવર્સ થશે એટલે કે (ચોર) 10:13 (પોલીસ). પોલીસ ને 1200 મીટર વધુ દોડવું પડશે. ગુણોત્તરનો તફાવત=3. આમ, 1200 મીટર 3 એકમના 400 ગણા છે તેથી 10 એકમના 400 ગણા કરતા જવાબ (D) 4000 મીટર કે 4 km. થાય.

# કચ્છમાં આવેલું કયું સ્થળ રોગન-પ્રિન્ટિંગ એમ્બ્રોઇડરી માટે જાણીતું છે?

**1 સંયુક્ત રાષ્ટ્રસંઘના અંડર સેક્રેટરી તરીકે કયા ગુજરાતી પોતાની અમૂલ્ય સેવા આપી ચૂક્યા છે?**

અ. સામ પિત્રોડા બ. ચિન્મય ઘારેખાન

ક. રૂચિરા કંબોજ ડ. કમલેશ શર્મા

**2 સોલંકી રાજા કર્ણદેવના સમયમાં કાશ્મીરથી કયા કવિ ગુજરાતમાં આવ્યા હતા?**

અ. બિલ્હણ બ. માઘ

ક. મલિક મુહમ્મદ જાયસી ડ. જૈનુલ અબિદિન

**3 ગુજરાત સરકારની ભાષાનિયામકની કચેરી કયું સામયિક પ્રકાશિત કરે છે?**

અ. પરબ બ. રાજભાષા

ક. ગુજરાતી ડ. માતૃભાષા

**4 પુણે ખાતે તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને એનાયત કરવામાં આવેલો લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર કયા વર્ષમાં શરૂ કરવામાં આવ્યો હતો?**

અ. 1941 બ. 1956

ક. 1996 ડ. 1983

**5 વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ 2023માં શૂટર ઐશ્વર્ય પ્રતાપસિંઘ તોમરે કયો ચંદ્રક જીત્યો?**

અ. રજત બ. કાંસ્ય

ક. સુવર્ણ ડ. એક પણ નહીં

**6 તાજેતરમાં સ્પેસ-એક્સ દ્વારા વિશ્વનો સૌથી મોટો પ્રાઈવેટ સેટેલાઇટ લોન્ચ કર્યો, તેનું નામ શું છે?**

અ. જ્યુપિટર-3 બ. એ.એક્સ-3

ક. યુનિસર્ય-3 ડ. એસ.એક્સ-3

**7 ઈન્ટરગવર્મેન્ટલ પેનલ ઑન ક્લાઈમેટ ચેન્જના ચેરમેન તરીકે કોણ સેવા આપી રહ્યું છે?**

અ. જીમ સ્કિઆ બ. રાજેન્દ્ર પચૌરી

ક. હોસંગ લી ડ. રોબર્ટ વૉટ્સન

**8 શ્રીલંકા નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ-2023માં ભારતના રમતવીરોએ કેટલા ચંદ્રક જીત્યા?**

અ. 9 બ. 12

ક. 16 ડ. 14

**9 તાજેતરમાં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC)ના નિર્દેશક તરીકે કોને નિમણૂંક આપવામાં આવી?**

અ. પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધે બ. પ્રો. ગણેશન કન્નબિરન

ક. પ્રો. એમ. જગદીશકુમાર ડ. પ્રો. એસ. સી. શર્મા

**10 ઇસરો દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા કયા સ્પેસ વ્હિકલમાં સાત ઉપગ્રહોને તરતા મૂકવામાં આવ્યા?**

અ. PSLV-C56 બ. PSLV-C45

ક. GSLV-F11 ડ. GSLV-F64

**11 કચ્છમાં આવેલું કયું સ્થળ રોગન-પ્રિન્ટિંગ એમ્બ્રોઇડરી માટે જાણીતું છે?**

અ. અંજાર બ. હોડકા

ક. નિરોણા ડ. ભુજોડી

**12 ગુજરાતનાં કચ્છી ભીંતચિત્રોને કયા નામે ઓળખવામાં આવે છે?**

અ. પિઠોરા બ. કમાનગિરી

ક. વારલી ડ. કલમકારી

**13 નાણામંત્રી તરીકે કેન્દ્ર સરકારમાં સૌથી વધુ વખત બજેટ કોણે રજૂ કર્યું હતું?**

અ. મોરારજી દેસાઈ બ. પી. ચિદમ્બરમ

ક. ટી. ક્રિષ્ણમાચારી ડ. પ્રણવ મુખર્જી

**14 Torneo del Centenario 2023 વિમેન્સ હોકી ટુર્નામેન્ટમાં ભારતની મહિલા હોકી ટીમે કયા દેશની ટીમને પરાજય આપી ટુર્નામેન્ટ જીતી?**

અ. આર્જેન્ટીના બ. ઈંગ્લેન્ડ

ક. સ્પેન ડ. જર્મની

**15 જો પ્રજાસત્તાક દિવસે મંગળવાર હોય તો નાતાલના દિવસ કયો વાર હશે?**

અ. મંગળવાર બ. શુક્રવાર

ક. શનિવાર ડ. સોમવાર

**16 જો m અને n પૂર્ણ સંખ્યાઓ હોય અને mn = 196 હોય તો (m-1)n+1 = કેટલા થાય?**

અ. 1 બ. 10 ક. 121 ડ. 2197

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

- કૌશિક ગજ્જર

Email : rojsam15@gmail.com

**17 ઉત્પાદનમાં એક એકમના ફેરફારના કારણે ઉત્પાદન ખર્ચમાં થતાં ફેરફારને શું કહેવામાં આવે છે?**

અ. અસ્થિર ખર્ચ બ. સરેરાશ અસ્થિર ખર્ચ

ક. સીમાંત ખર્ચ ડ. અસ્થિર સીમાંત ખર્ચ

**18 'અર્થશાસ્ત્ર કલ્યાણલક્ષી શાસ્ત્ર છે' આ વિધાન કયા અર્થશાસ્ત્રીનું છે?**

અ. ડૉ. આલ્ફ્રેડ માર્શલ બ. ઍડમ સ્મિથ

ક. કૌટિલ્ય ડ. કામંદક

